તાલીઓના તાલે ગોરી ગરબે ઘુમે આજ રે... આવી નોરતાની રાત... આવી નોરતાની રાત...

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૧૩ | ૧૩ ઓકટોબર, ૨૦૧૫, મંગળવાર ; આસો સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતામ્, નમતસ્યૈ નમતસ્યૈ નમો નમઃ
યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતામ, નમતસ્યૈ નમતસ્યૈ નમો નમઃ

## બિહારમાં ૫૭ ટકા મતદાન

પટણા,તા. ૧૨

બિહારમાં સઘન સુરક્ષા અને ભારે ઉત્સાહ વચ્ચે આજે પ્રથમ તબક્કામાં ૫૭ટકા મતદાન થયુંહતું. આ તબક્કામાં ૫૭ ટકા મતદાન થયાની જાહેરાત રાજ્યના મુખ્ય ચુંટણી અધિકારી અજય નાયક દ્વારા કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, પ્રથમ તબક્કામાં ૫૯.૫ ટકા મહિલા મતદારો અને ૫૪.૫ ટકા પુરુષ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ ચરણમાં રાજયના ૧૦ જિલ્લાઓમાં ૪૯ વિધાનસભા ક્ષેત્રમાં મતદાનની પ્રક્રિયા એકંદરે શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. સુરક્ષાના કારણોસર ૯ વિધાનસભા ક્ષેત્રમાં ત્રણ વાગ્યે, ૪ વિધાનસભા ક્ષેત્રમાં ચાર વાગ્યે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. કેટલીક જગ્યાએ મતદાનનો બહિષ્કાર પણ કરાયો હતો. કેટલીક જગ્યાએ ખૂબ ઊંચુ અને કેટલીક જગ્યાએ સરેરાશ મતદાન થયું હતું. એકંદરે પ્રથમ તબક્કામાં ૫૭થી ૬૦ટકા મતદાન રહ્યું હતું. જોકે, અજય નાયકના કહેવા મુજબ ૫૭ ટકા મતદાન થયું

● અનુસંધાન પાન-૭ પર

**પુરુષ કરતા મહિલા મતદારોએ વધુ ઉત્સાહ દર્શાવ્યો : પ્રથમ તબક્કામાં ૫૯.૫ ટકા મહિલા મતદારો અને ૫૪.૫ ટકા પુરુષ મતદારો દ્વારા મતાધિકારનો ઉપયોગ કરાયો : ૨૦૧૦ કરતા ૬.૧૫ ટકા વધુ મતદાન**

Inauguration

EGG DEE

You are cordially invited
to the inaguration of
EGG DEE
Where we present to you the mouth watering egg delicacies from all over the country.
We request the pleasure of your company to bestow upon us your blessings and wishes.

At
Shop No. 16, Radhe Square Complex, Opposite NID,
Reliance Cross Roads, Kudasan, Gandhinagara
on
13th October-2015, Tuesday
11 am Onwards

With Best Compliments
Hiren Solanki
Anand Gopalani

અરિહંત
રેડીમેડ ગારમેન્ટ્સ
સેક્ટર-૨૧, સેક્ટર-૭ અને ઈન્ફોસીટી

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે "ન્યુ અરિહંત મેન્સવેર" ના નામથી તા. ૧૩-૧૦-૨૦૧૫ના રોજ પેથાપુર ચાર રસ્તે શરૂ થતી દુકાન અમારી શાખા કે ફ્રેન્ચાઈઝી નથી તેની નોંધ લેવા નમ્ર વિનંતી

મોહક જયેશભાઈ જયસુખલાલ જાટકીયા: ૯૯૭૪૦ ૪૧૩૬૮

## નવરાત્રી ઉત્સવને શાંતિપૂર્ણ પાર પાડવા પોલીસ સુસજ્જ

અમદાવાદ, તા.૧૨

નવરાત્રી ઉત્સવની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે, ત્યારે તમામ ગતિવિધી ઉપર નજર રાખવા પોલીસ પણ સજ્જ છે. મુખ્ય કાર્યક્રમનું આયોજન દર વર્ષની જેમ જ આ વખતે પણ જીએમડીસી ગ્રાઉન્ડ ઉપર કરવામાં આવ્યું છે. આ ગાળા દરમિયાન ખેલૈયાઓ ઉપર પણ ડ્રોન દ્વારા ચાંપતી નજર રાખવામાં આવશે. શહેર પોલીસ નવરાત્રી ઉત્સવને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા સંપૂર્ણ રીતે તૈયાર છે.

નવરાત્રીમાં ખલૈયાઓને કોઈ અગવડ ન પડે તેમજ કોઈ અનિશ્ચનીય બનાવ ન બને તે માટે શહેર પોલીસે ૫૦૦૦થી વધુ પોલીસનો કાફલો ચુસ્ત બંદોબસ્ત સાથે ગોઠવી દેવાયો છે. વસ્ત્રાપુર જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે દર વર્ષે નવરાત્રી મહોત્સવનો કાર્યક્રમ થાય છે

## ફટાફટ ન્યુઝ

- નોએડામાં ત્રણ પ્રોજેક્ટ તોડી પાડવાનો હાઈકોર્ટનો આદેશ
- બિહારમાં હાલ ભાજપની જ લહેર હોવાની અંતે મુલાયમની કબુલાત
- વિપક્ષનો એજન્ડા મોદીના વિનાશનો છે : નરેન્દ્ર મોદી
- કસુરી કાર્યક્રમ અંગે શિવસેના વિરોધ પરત ખેંચવા અંતે તૈયાર
- ઘર વાપસી : ૩૦૦ લોકોએ ફરીવાર હિન્દુ ધર્મ સ્વિકાર્યો
- મેઇનપુરી હિંસા : વધુ નવ તોફાની શખ્સોની ધરપકડ
- કાશ્મીર : સોપિયન ખાતે પ્રચંડ બ્લાસ્ટથી દહેશત
- આર્મ્સ એજન્ટો માટે વધુ કમિશન હવે નહીં અપાય
- સેન્સેક્સ ૧૭૫ પોઈન્ટ ઘટી ૨૬૯૦૪ની સપાટીએ રહ્યો
- મથુરાપુર ગામમાં હથિયારોના જથ્થાની સાથે કુખ્યાત માઓવાદી જબ્બે
- ઈન્ફોસીસના કમાણીના આંકને જારી કરી દેવાયા
- પાકિસ્તાન-ઈંગ્લેન્ડની વચ્ચે આજથી અબુધાબીમાં ટેસ્ટ
- ડોલરની સામે રૂપિયો પાંચ પૈસા ઘટીને બંધ
- કંપનીઓના રેવન્યુમાં ૮.૨ ટકા સુધીનો ઘટાડો થઈ શકે
- યુનિસનો મિયાદાદના રેકોર્ડને તોડવા હવે ૧૯ રનની જરૂર

## નિચલી કોર્ટમાં બે કરોડ કેસ પેન્ડિંગ

નવી દિલ્હી,તા. ૧૨

ન્યાયિક વ્યવસ્થામાં પારદર્શકતા લાવવાના તમામ પ્રયાસો થયા હોવા છતાં તેનો સીધો ફાયદો ગરીબ લોકોને થયો નથી. કારણકે, દેશની અદાલતોમાં જે પેન્ડીંગ કેસો રહેલા છે તે પૈકી ૨૮ ટકા કેસ પાંચ વર્ષ કરતા પણ જુના છે. દેશભરની નીચલી અદાલતોમાં બે કરોડથી વધુ પેન્ડિંગ કેસો રહેલા છે.રિપોર્ટમાં હેરાન કરવાવાળી બાબત એ છે કે જેલમાં રહેલા ચાર લાખ લોકો પૈકી ૮૬ ટકા લોકો એવા છે જેમની સામે હજુ ગુનાઓ સાબિત થઈ શકયા નથી. આનાથી મોટાભાગના લોકો નાનકડી ભૂલ માટે સજા ગાળી રહ્યા છે. તેમની પાસે વકિલ કરવા માટેના પણ પૈસા નથી. નેશનલ ન્યુડિશિયલ ડેટા ગ્રીડના આંકડા દર્શાવે છે કે બે કરોડ પેન્ડિંગ કેસ પૈકી ૨૮ ટકા કેસ પાંચ વર્ષ કરતા પણ જુના છે. આ તમામ કેસો સબઓર્ડિનેટ કોર્ટમાં રહેલા છે. આંકડામાં જણાવવામાં

● અનુસંધાન પાન-૭ પર




